

સુભાષબ્રિજ પાસે નેતાજી સુભાષચંદ્ર બોસની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગુરુવારે તેમના જન્મદિવસની દેશભરમાં ઉજવણી કરાઈ હતી.

# સરકારી વિભાગોમાં વર્ગ-૨ ના વહીવટી કર્મચારીઓની જગ્યાઓ ભરવામાં વિલંબ

## જુદા જુદા વિભાગોમાં કુલ ૪૦ જગ્યાઓ ખાલી હોવાથી વહીવટી કાર્યને અસર : ભરતી નિયમોની ફાઈલો ટલ્લે ચઢી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય સરકારના અનેક વિભાગોમાં વર્ગ-૨ની જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેલી હોવાથી વહીવટી કાર્યો પર તેની અસર પડી રહી છે. માર્ગ-મકાન, પાણી પુરવઠા, જળ સંપત્તિ કલ્પસર અને સિંચાઈ વિભાગોમાં ઘણા સમયથી કર્મચારીઓનો અભાવ છે અને નીતિ વિષયક બાબતે સચિવાલય અને વિભાગોમાં એકબીજા બહાના હેઠળ ફાઈલો ટલ્લે ચઢી રહી છે.

જુદા જુદા વિભાગોમાં ભરતી નિયમો અંગેની ફાઈલો ટલ્લે ચઢવાથી માર્ગ-મકાન વિભાગની કચેરીમાં અધિક્ષક વર્ગ-૨ની કુલ ૧૧ જગ્યાઓ, સિંચાઈ વિભાગમાં ૨૯ જગ્યાઓ, પાણી-પુરવઠા કલ્પસર વિભાગમાં મંજૂર થયેલી ૫૪ જગ્યાઓની સામે ૪૦ જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડેલ છે. ભરતી નિયમોમાં સુધારા બાબતે વધુ વિલંબ થતા સરકાર દ્વારા કેટલીક વર્તુળ કચેરીઓમાં નિયમોની છુટછાટ અંગે ૫૬ માસનો અનુભવ રાખી ખાલી જગ્યાઓ ભરવા પ્રયત્ન કરાયો હતો. પરંતુ મદદનીશ અધિક્ષક વિભાગમાં રોસ્ટર મુજબ બેકલોગના કર્મચારીઓએ બઢતી મેળવી હોવાથી ૫૬ માસના અનુભવવાળા કર્મચારીઓની સંખ્યા ઓછી હોવાથી આ જગ્યાઓ ભરવામાં સફળતા મળી નથી.

આ બાબતે ઝોનલ કચેરીઓ દ્વારા સાડા ત્રણ વર્ષનો ગાળો રાખવા અભિપ્રાય આપવામાં આવેલ છે પરંતુ કેટલાક વિભાગોની ૬ કેડરોમાંથી ૪મા મર્જીંગનું જાહેરનામુ પ્રસિદ્ધ થયેલું ના હોવાથી આ ગાળા બાબતની ફાઈલો અંગે નિર્ણય લઈ શકાયો નથી.

વધુમાં પ્રાપ્ત વિગતો મુજબ જે તે વર્તુળ કચેરીઓની તાબા હેઠળની કચેરીઓમાંની વહીવટી જગ્યાઓ હોવાથી વિભાગોને તે અંગે ખાસ કોઈ સત્તાઓ આપેલ નથી. ઉપરાંત હાલમાં ચાર્જ સંભાળી રહેલા મદદનીશ અધિકક્ષ(એ) કર્મચારીઓ ઉચ્ચત્તર પગારનો લાભ મેળવતા હોઈ સરકારને તો વધારાનું એલાઉન્સ પણ ચુકવવું જ પડે છે આથી જો આ જગ્યાઓ ભરવામાં આવે તો સરકાર પર વધારે નાણાંકીય બોજો પડે તેવી શક્યતા નથી. વળી વર્ષ-૨૦૧૩-૧૪ની યાદી મુજબ શિડ્યુલકાસ્ટ અને શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ્સના ઉમેદવારો આવતા હોઈ આ બાબતે સરકાર યોગ્ય નિર્ણય લઈ આ જગ્યાઓ ભરી શકે તેમ છે. આ જગ્યાઓ ભરવામાં થઈ રહેલા વિલંબથી વર્ગ-૩ના કર્મચારીઓને પણ બઢતી મેળવવામાં મુશ્કેલી ઉભી થઈ રહી છે તેવી પણ રજૂઆતો કરવામાં આવી રહી છે જેથી સત્વરે વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા નિર્ણય લેવાય તેવી માંગણી વધી રહી છે.

# જિલ્લાકક્ષાની અંડર-૧૨ સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અંડર-૧૨ જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા જિલ્લાની શાળાઓમાં ભણતા ૧૨ વર્ષથી નાની વયના વિદ્યાર્થીઓ માટે જિલ્લાકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા તા. ૪ થી ૬ ફેબ્રુઆરી દરમ્યાન યોજવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ પોતાનું રજીસ્ટ્રેશન સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સે. ૨૧ ખાતે તા. ૩૧ જાન્યુઆરી સુધી કરવાની રહેશે.

અંડર-૧૨ વયજૂથ માટે સ્વીમીંગ, બેડમીન્ટન, લોન ટેનિસ, ટેબલ ટેનિસ, સ્કેટીંગ સ્પર્ધા જીમખાના સેક્ટર-૨૧ ખાતે જૂડો, યોગાસન, મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે. ૨૧ ખાતે તેમજ જીમ્નાસ્ટીક સ્પર્ધા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેક્ટર-૧૫ ખાતે યોજવામાં આવશે. જિલ્લાકક્ષાએ વિજયી થયેલ ખેલાડીઓને પ્રદેશ કક્ષાએ ભાગ લેશે.

# પાર્ટી પ્લોટમાં લગ્ન ટાણે જ ગેસ લીકેજ થતા દોડધામ મચી

## કોબા સર્કલ નજીક વિનસ પાર્ટી પ્લોટમાં બનેલી ઘટના : સદ્ભાગ્યે કોઈ જ નુકશાન નહી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક કોબા સર્કલ પાસે સ્થિત વિનસ પાર્ટી પ્લોટમાં આજે બપોરના અરસામાં ચાલુ લગ્ન સમારંભ દરમ્યાન અચાનક પીએનજી ગેસ લાઈનમાંથી લીકેજ થતા પ્રસંગમાં હાજર તમામના જીવ અધ્ધર થઈ ગયા હતા અને ભારે નાસભાગ મચી જવા પામી હતી. સદ્ભાગ્યે આ ગેસ લીકેજ બાદ લાગેલી આગમાં કોઈ જ નુકશાન થવા પામ્યું ન હતું.

ગાંધીનગર કોબા હાઈવે પર કોબા સર્કલ નજીક આવેલા વિનસ પાર્ટી પ્લોટમાં આજે લગ્ન સમારંભ ચાલી રહ્યો હતો. તે દરમ્યાન બપોરના અરસામાં પાર્ટી પ્લોટમાં પીએનજી ગેસપાઈપલાઈનમાં અચાનક લીકેજ થઈ જતા ગેસની દુર્ગંધ સાથે મોટેથી અવાજ શરૂ થઈ ગયો હતો. આ લીકેજના સ્થળે આગ પણ લાગી હતી. આ દ્રશ્ય જોઈને લગ્ન સ્થળે પાર્ટીપ્લોટમાં હાજર લોકો ભયભીત થઈ ગયા હતા અને અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જો કે સદ્ભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજાઓ કે કોઈ મોટુ નુકશાન થવા પામ્યુ ન હતું.

# માણસા ખાતે પ્રજાસત્તાક દિને જિલ્લા કક્ષાનો ધ્વજવંદન સમારોહ

ગાંધીનગર, તા. ૨૩

-જાસત્તાક દિન- ૨૬ મી જાન્યુઆરીની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી માણસા ખાતે શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી પરસોત્તમભાઈ સોલંકીના હસ્તે ધ્વજવંદન સાથે યોજાનાર છે.

આ -સંગે વિવિધ પ્લાટુન્સ દ્વારા પરેડ- માર્ચપાસ્ટનું નિદર્શન, રાજય સરકારની વિવિધ યોજનાઓ- વિકાસ કાર્યક્રમોને લગતા ટેબ્લોઝનું જિલ્લાની કચેરીઓ દ્વારા નિદર્શન તેમજ જિલ્લાની વિવિધ શાળાના વિર્ધાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાનાર છે.

માણસાની પદ્મશ્રી વી.એચ. હઈસ્કૂલ, આર.બી.એલ.ડી, હાઈસ્કૂલ, એન.એચ.ગર્લ્સ, રાજમાતા દેવકુંવરબા સાર્વજનીક હાઈસ્કૂલ, એસ.એસ.ચૌધરી સેકન્ડરી સ્કૂલ, કુમાર શાળા તેમજ રિદ્રોલની જયોતિ વિર્ધાલય, આજોલની કન્યા વિર્ધાલય અને સી.એમ.ડી.હાઈસકુલ, બદપુરા -ાથમિક શાળા દ્વારા વિવિધ દેશભકિતસભર નૃત્યગીતોનો સાંસ્કુતિક કાર્યકરમ રજુ કરાનાર છે. જિલ્લાના-માણસાના નગરજનોને આ રાષ્ટ્રિય પર્વની ઉજવણીમાં ઉપસથિત રહેવા જિલ્લા વહીવટીતંત્ર તરફથી હાર્દિક નિમંત્રણ છે.

# વસ્ત્રાપુર, બોડકદેવ, મેમનગરને શહેરી બસ સેવામાં સાંકળવા રજૂઆત

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદના વસ્ત્રાપુર ખાતે નવ માળનું બહુમાળી ભવન કાર્યરત થતા કુલ ૪૬ કચેરીઓને તાત્કાલિક અસરથી આ ભવનમાં ખસેડવામાં આવી છે. આ બહુમાળી ભવનમાં કાર્યરત કર્મચારીઓ દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરી બસ સેવાનો લાભ આપવા માંગણી કરવામાં આવી છે.

વસ્ત્રાપુર ખાતે બહુમાળી ભવન કાર્યરત થઈ જતા પહેલા યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ એલડી એન્જીનીયરીંગ અને પોલીટેકનીક કોલેજમાં આવેલી માર્ગ અને મકાન વિભાગની સરકારી કચેરી સહિત કુલ ૪૬ કચેરીઓ આ ભવનમાં તાત્કાલિક અસરથી ખસેડવામાં આવી છે. અગાઉ આ કચેરીઓના અમદાવાદ-ગાંધીનગર આવ જા કરતા કર્મચારીઓ માટે સેટેલાઈટ, સીએન અને પોલીટેકનીક રૂટની બસોની સગવડ ઉપલબ્ધ હતી પરંતુ હવે વસ્ત્રાપુર જવા માટે થલતેજ ઉતરી શટલીયા રીક્ષાઓનો સહારો લેવો પડી રહ્યો છે. આ કારણે કર્મચારીઓને ભારે અગવડતા સાથે આર્થિક નુકશાન પણ વેઠવું પડી રહ્યું છે.

## રાંધેજા ખાતે રામકથા

ગાંધીનગર, તા. ૨૩

રાંધેજાની મૈત્રી એવન્યુ સોસાયટી અને રામકથા સમિતિ દ્વારા યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે રામકથા તા. ૨૫ જાન્યુઆરીથી તા. ૨ ફેબ્રુઆરી દરમ્યાન દરરોજ બપોરે ૨ કલાકથી ૫ કલાક સુધી મૈત્રી એવન્યુ સોસાયટી ગાંધીનગર વાસણીયા હાઈવે રાંધેજા ખાતે યોજવામાં આવશે. મોટી સંખ્યામાં ભાવિભક્તોને લાભ લેવા જણાવાયું છે.

## સે. ૩ના વૃદ્ધ ત્રણ દિવસથી લાપતા

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેક્ટર-૩-બી પ્લોટ નં. ૩૯૦/૨ ખાતે રહેતા ૬૦ વર્ષિય વૃદ્ધ ઈન્દ્રજીતસિંહ મંગલસિંહ ગોહીલ ૨૦મી જાન્યુઆરીએ સવારે ૯ વાગ્યાના અરસામાં ઘરેથી નીકળ્યા હતા તેઓ ત્રણ દિવસ થઈ ગયા બાદ હજુ સુધી ઘરે પરત ફર્યા નથી. પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ કોઈ સગડ ન મળતા સે. ૭ પોલીસનો સંપર્ક કરી ગુમ થયા અંગે જાણવાજોગ અરજી નોંધાવી છે. શરીરે મધ્યમ બાંધાના ઈન્દ્રજીતસિંહે જમણા હાથે કડુ છે તથા ધીમા ચાલે છે. સે. ૭ પોલીસ મથકના પી.એસ.આઈ. જી.કે. પરમારે વધુ તપાસ શરૂ કરી છે.

## પેન્શનર્સ સમાજની સભા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની સામાન્ય સભા તા. ૨૭ જાન્યુઆરી સોમવાર સાંજે ૩.૦૦ કલાકે ડૉ. આંબેડકરભવન સેક્ટર-૧૨ ખાતે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને મળશે. જેમાં વાર્ષિક હિસાબોને અનુમોદન આપવામાં આવશે. સભામાં સર્વ સભ્યોને હાજર રહેવા ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

# પતિના ત્રાસથી કંટાળી પત્નિએ આપઘાત કર્યો હોવાની ફરીયાદ

## ધોળાકુવામાં પરિણીતાએ અગ્નિસ્નાન કર્યું હતું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક ધોળાકુવા ગામની સીમમાં સ્થિત ફલેટમાં પરિણીતાએ ચારેક દિવસ અગાઉ અગ્નિસ્નાન કરી લઈ આપઘાત કરી લીધો હતો. આ મામલામાં મૃતકના પરિવારજનો દ્વારા તેણીના પતિ સામે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી છે. પતિને અફેર ચાલતુ હોવાથી ત્રાસ આપતો હતો તેનાથી કંટાળીને તેણીએ આપઘાત કરી લીધો હોવાની ફરીયાદ આપતા સે. ૭ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ધોળાકુવા ગામની સિમમાં ફલેટમાં રહેતી પરિણીતા લક્ષ્મીબેન રોશનલાલ મિસ્ત્રીએ થોડા દિવસો અગાઉ પોતાના ઘરે જ શરીર પર કેરોસીન છાંટીને દિવાસળી ચાંપી દઈને આત્મહત્યા કરી લીધી હતી. આ પ્રકરણમાં આજે સે. ૭ પોલીસને મૃતક પરિણીતાના પરિવારજનોએ ફરીયાદ આપી છે કે લક્ષ્મીબેનના પતિ રોશનલાલને અન્ય સ્ત્રી સાથે અફેર ચાલતુ હતુ. જેથી પત્નિને રસ્તામાંથી દૂર કરવા અવારનવાર શારીરીક માનસીક ત્રાસ પતિ આપતો હતો. જેનાથી કંટાળીને લક્ષ્મીબેને આપઘાત કરી લીધો હોવાની ફરીયાદ આપતા સે. ૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગડરીયાએ પતિ સામે ગુનો નોંધીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

# 'જન સેવા આપને દ્વાર' કાર્યક્રમ અંતર્ગત ડભોડા ખાતે વિવિધ જનસેવા પ્રમાણપત્રોનો વિતરણ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં તમામ તાલુકાઓમાં એ.ટી.વી.ટી. અતર્ગત જનસેવા મારફતે -જાજનોને વિવિધ -કારના -માણપત્રો ઈસ્યુ કરવામાં આવે છે. પરંતુ ગ્રામ્ય કક્ષાએથી પણ ગામ લોકોને વિવિધ -કારની સેવાઓ ગામેથી ઉપલબ્ધ થાય તે હેતુથી ગ્રામ્ય વિસ્તારો માટે જનસેવા કેન્દ્ર દ્વારા વિવિધ -કારની સેવાઓ પુરી પાડવાનું ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર તરફથી નક્કી કરવામાં આવેલ છે.

એ.ટી.વી.ટી. કાર્યક્રમ અંતર્ગત જનસેવા આપને દ્વાર કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર તાલુકાના ગ્રામ -જાજનો માટે એક જ સ્થળેથી તમામ -કારના દાખલાઓ મળી રહે તે હેતુસર તા-૨૪-૧-૧૪ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી ડભોડા તાલુકા પગાર કેન્દ્ર શાળા, પેટા આરોગ્ય કેન્દ્રની સામે-ડભોડા ખાતે જનસેવા કેન્દ્ર ખાતેથી ઈસ્યુ થતાં તમામ -કારના -માણપત્ર વિતરણના કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં મોટા -માણમાં વિર્ધાર્થીઓ, નાગરિકો તથા -જાજનો ને નીચેના -માણપત્રોનું વિતરણ કરવામાં આવશે.

આવકનું -માણપત્ર, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનું -માણપત્ર, અનુસુચીત જનજાતી- જાતિ અંગેનું -માણપત્ર, ડોમીસાઈલ -માણપત્ર, ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા બાબત, રેશનકાર્ડમાં નામ દાખલ કરવા-કમી કરવા-સરનામું ફેરફાર કરવા બાબત, તમામ -કારના સોગંદનામાં, સીનીયર સીટીઝન હોવા અંગેનુ -માણપત્ર, નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોના નિભાવવા માટે નાણાંકીય સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, વિધવા સહાય મેળવવા બાબત, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના, માન. મુખ્ય મંત્રીશ્રીની અમૃતમ માં યોજના અંગેના -માણપત્રો, અન્નબ્રમ યોજનાના લાભાર્થીઓ, આધારકાર્ડ, વગેરે -માણપત્રોનું વિતરણ કરવામાં આવશે.

આ -સંગે જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા કલેકટરશ્રી પી.સ્વરૂપ, -ાંત અધિકારી શ્રી સુધીર પટેલ, ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી, તાલુકા વિકાસ અધિકારીશ્રી વગેરે ઉપસથિત રહેનાર છે. નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.

# ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજનો રજતજયંતિ મહોત્સવ અમદાવાદ ખાતે ૮મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ (રાજ્યકક્ષા)ની સંસ્થા તેના ૨૫ વર્ષ પુરા કરીને પ્રગતિના પંથે આગળ વધી રહી છે. વર્ષ-૨૦૧૩માં સંસ્થાની સ્થાપનાને ૨૫ વર્ષ પુરા થતાં આગામી ૮મી ફેબ્રુઆરી-૨૦૧૪ શનિવારે બપોરે ૧.૦૦ કલાકે મંગળદાસ ટાઉનહોલ-અમદાવાદ ખાતે રજતજયંતિ મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખશ્રી બી.કે. શ્રીમાળી મહામંત્રીશ્રી ગૌતમ ગેડિયા અને કન્વીનરશ્રી પી.એન. પંડ્યાની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ આ ઐતિહાસિક રજતજયંતિ મહોત્સવમાં મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા, ક્રાંતિકારી સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદજી, કેન્દ્રીય યુનિવર્સિટીના ડીનશ્રી ડૉ. કાલે, આઈ.એ.એસ. અધિકારીશ્રી બિપીનચંદ્ર શ્રીમાળી, જસદણના શ્રી મહેન્દ્રસિંહજી બાપુ અને સંસદસભ્યશ્રીઓ/ ધારાસભ્યશ્રીઓ સમાજના ઉચ્ચ અધિકારીઓ, ચૂંટાયેલા પદાધિકારીઓ, ગાદીપતિ મહંતો-સંતો મહેમાનપદે ઉપસ્થિત રહેશે અને રજતજયંતિ મહોત્સવને શોભાવશે.

રજતજયંતિ મહોત્સવ નિમિત્તે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય/રાજ્યકક્ષાએ વિવિધ ક્ષેત્રોમાં પુરસ્કૃત એવોર્ડથી સન્માનિત થયેલા મહાનુભાવો, સ્વાતંત્ર સેનાનીઓ, સાહિત્ય કલા, રમતગમત, સમાજસેવા, શિક્ષણ વિગેરે ક્ષેત્રોમાં નામાંકન પ્રાપ્ત થયું હોય તેવા તજજ્ઞો, ધારાસભ્યશ્રીઓ, મહાનગર પાલિકાના સદસ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, જિલ્લા તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, રાજ્યના વિવિધ ધાર્મિક સ્થળોના સમાજના સાધુ-સંતો-ગાદીપતિ, જજ (ન્યાયાધીશ) તથા મામલતદાર અને નાયબ મામલતદાર જેવી ઉચ્ચકક્ષામાં નવી નિમણૂંક પામેલા ઉમેદવારોનું સન્માન કરવામાં આવશે.

આ પ્રસંગે સમાજદર્શન-સોવિનીયરનું પણ મહાનુભાવોના શુભહસ્તે વિમોચન કરવામાં આવનાર છે. રાજ્યભરમાં કાર્યરત જિલ્લાના ઘટકોના હોદ્દેદારો અને અગ્રણીઓ, રાજ્યકક્ષાના પદાધિકારીઓ તથા વિવિધ સમિતિઓના કન્વીનરો અને સભ્યો, સમાજના સહુ જ્ઞાતિબંધીઓ તન-મન અને ધનથી રંગેચંગે કાર્યક્રમની ઉજવણી માટેના કાર્યને આગળ ધપાવી રહ્યા છે. સમગ્ર મહોત્સવની ઉજવણી માટે સંસ્થાના પ્રમુખશ્રી બી.કે. શ્રીમાળી, મહામંત્રી ગૌતમ ગેડિયા અને કન્વીનરશ્રી પી.એન. પંડ્યા દ્વારા અવાર નવાર બેઠકો યોજીને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે, તથા વિવિધ સમિતિઓ ગઠન કરવામાં આવી છે.

સમગ્ર રાજ્યભરમાંથી સહુ જ્ઞાતિબંધુઓ તન-મન અને ધનથી સહોયગ આપીને કાર્યક્રમના સમયે સ્થળે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવી અપીલ રજત જયંતિ મહોત્સવ સમિતિના કન્વીનરશ્રી પી.એન. પંડ્યાએ કરી છે.

# ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૩

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા-૨૫ મી જાન્યુઆરીને- ચૂંટણી પંચના સ્થાપના દિવસને રાષ્ટ્રિય મતદાતા દિવસ તરિકે જાહેર કરવામાં આવેલ છે. તા-૨૫-૧-૨૦૧૪ ના રોજ ચોથો રાષ્ટ્રિય મતદાતા દિવસ રાજયભરમાં ઉજવાનાર છે. રાજયકક્ષાના રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી મહામહિમ રાજયપાલશ્રી ડૉ.શ્રીમતી કમલાની -ેરક ઉપસથિતિમાં ટાઉન હોલ, ગાંધીનગર ખાતે તા-૨૫ જાન્યુઆરી-૨૦૧૪ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કરાનાર છે.

લોકશાહી ચૂંટણી -ક્રિયાથી લોકોને વાકેફ કરવા તથા ચૂંટણી -ક્રિયામાં લોકોનો સક્રિય સહકાર મેળવવા સિસ્ટેમેટિક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટિસિપેશન- સ્વીપ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ અંતર્ગત મતદાર જાગૃતિ માટે રાજય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ જુદા જુદા કાર્યક્મો યોજવામાં આવે છે. આ પૈકી યુવા મતદાર મહોત્સવ-૨૦૧૩ નો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ પાંચ કક્ષામાં જીંગલ્શ- રેપ સોંગ-ગીત, મેસ્કોટ ડિઝાઈન- પોસ્ટર, ફલેશ મોબ, કિવકી-એડફિલ્મ, સ્પેશિયલ કેટગરીમાં સ્પર્ધાઓ શાળા-કોલેજોના વિર્ધાર્થીઓ માટે યોજવામાં આવી હતી. જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ કૃતિઓમાંથી રાજય કક્ષાની શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી કરવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં રાજય કક્ષાએ વિજેતા બનેલા ૨૯ સ્પર્ધકો તેમજ ગાંધીનગર જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા ૧૨ સ્પર્ધકોને રાષ્ટ્રિય મતદાતા દિવસ ઉજવણીના કાર્યક્રમમાં પુરસ્કાર અર્પણ કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨

સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૫.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૪ ટકા ● સાંજે ૬૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

જય હો : ૯.૪૫, ૧૨.૫૫, ૪.૫, ૭.૧૫, ૧૦.૨૫

: સ્ક્રીન-૨ :

જય હો : ૮.૩૦, ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

જય હો : ૧૨.૧૫, ૩.૨૫, ૬.૩૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

જય હો : ૧૦.૪૫, ૫.૫, ૮.૧૫

યારીયાન : ૧.૫૫

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :

જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

યારીયા : ૩.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫

શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

જય હો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

જય હો : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦

: સ્ક્રીન-૨ :

જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

જય હો : ૧૧.૩૦, ૮.૩૦, ૯.૩૦

યારીયાન : ૨.૩૦

### સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

જય હો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

જય હો : ૧૧.૦૦, ૭.૩૦, ૧૦.૩૦

યારીયાન : ૨.૦૦ ૪.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ.મનહરબા અમરજી બિહોલા (ઉ.વ. ૪૬)મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર
- સ્વ.મિનાક્ષીબેન ઉમાશંકર દવે (ઉ.વ. ૬૮)પ્લોટ નં. ૮૩/૧, સેકટર-૨/એ, ગાંધીનગર
- સ્વ.શકરીબેન ધનજીભાઈ પટેલ (ઉ.વ. ૭૩)મુ.પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર
- સ્વ.ઈલાબેન અમૃતલાલ મોઢ (ઉ.વ. ૭૨)૬૧૫, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. જોઈતીબેન હરીભાઈ પટેલ (ઉ.વ. ૭૫)મુ.પો. કાઠાં, તા. કલોલ, જિ. ગાંધીનગર